પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૧૯ | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૭, મંગળવાર ; મહા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### પૂર્વ કેગ વિનોદ રાય બીસીસીઆઈના હેડ



બીસીસીઆઈના પ્રમુખ પદેથી અનુરાગ ઠાકુરની હકાલપટ્ટી થયા બાદ પૂર્વ કેગ વિનોદ રાયની બીસીસીઆઈના નવા હેડ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

### સફેદ આતંકમાં વધુ પાંચ જવાનો શહીદ

જમ્મુ-કાશ્મીરના વિવિધ વિસ્તારોમાં સતત બરફ વર્ષા થઈ રહી છે. અહીં વિવિધ ચોકીઓ પર વિષમ પરિસ્થિતિમાં ફરજ બજાવતા પાંચ જેટલા જવાનો બરફમાં દટાઈ જતા શહીદ થયા છે.

### આસારામની જામીન અરજી સુપ્રીમે ફગાવી



વિવિધ આરોપસર જેલવાસ ભોગવી રહેલા આસારામ બાપુની જામીન અરજી પુનઃ એક વખત ફગાવી દેવાઈ છે. અને એક લાખનો દંડ ફટકારાયો છે. ખોટુ મેડીકલ સર્ટીફિકેટ રજુ કરાતાં સુપ્રીમ કોર્ટે એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો.

# આજથી અંદાજપત્ર સત્ર : આજે આર્થિક સર્વે

## આવતીકાલે અરૂણ જેટલી સામાન્ય બજેટ રજૂ કરશે : નોટબંધી, ત્રાસવાદ, આર્થિક સ્થિતી સહિતના વિવિધ મુદ્દા ઉપર ભારે હોબાળો થાય તેવી વકી રાષ્ટ્રપતિ આજે સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધશે





નવી દિલ્હી,તા. ૩૦

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી હતી તે સંસદનું બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યુ છે.આ વખતે નવી પરંપરા શરૂ થઈ રહી છે જેના ભાગરૂપે પ્રથમ દિવસે જ કેટલીક મહત્વની બાબત તમામ નિષ્ણાંતો અને સામાન્ય લોકોનુ ધ્યાન ખેંચશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના બન્ને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન સાથે બજેટ સત્રની શરૂઆત થશે. આવતીકાલે જ બજેટ પહેલાના આર્થિક સર્વેને રજૂ કરવામાં આવનાર છે. જે બજેટને લઈને કેટલીક વાત કરશે. આર્થિક સર્વે બજેટની દિશા નક્કી કરી દેશે. પહેલી ફેબ્રુઆરીના દિવસે નાણાં પ્રધાન અરૂણ જેટલી આ વખતે બજેટ રજૂ કરનાર છે. જેટલી છેલ્લા કેટલાક દિવસથી જુદા જુદા ક્ષેત્રો સાથે વાતચીત કરી રહ્યા હતા. તેમની રજઆત સાંભળી રહ્યા હતા. જુદા જુદા સેક્ટર દ્વારા બજેટ પહેલા પોત પોતાની રજૂઆત કરી દેવામાં આવી છે. આ વખતે અલગ રીતે રેલવે બજેટ રજૂ કરવામાં આવનાર નથી. કારણ કે ૯૨ વર્ષથી ચાલી રહેલી પરંપરાને ખતમ કરવાનો નિર્ણય મોદી સરકાર પહેલાથી જ કરી ચુકી છે. આવી સ્થિતીમાં જેટલી કેન્દ્રિય બજેટના ભાગરૂપે જ રેલવેના અંદાજ અલગ રીતે રજૂ કરશે. જેમાં રેલવેના મહત્વના પ્રોજેક્ટ, આવકના અંદાજ, લક્ષ્યાંકની વાત કરશે. આ વખતે બજેટ સત્ર એવા સમય પર યોજાઈ રહ્યુ છે જ્યારે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેનો

● અનુસંધાન પાન-૭ પર

# એટીએમમાંથી રોકડ ઉપાડ મર્યાદા હટાવાઈ

## પહેલી ફેબ્રુઆરીથી એટીએમમાંથી ઈચ્છા મુજબ રોકડ ઉપાડી શકાશે : કરંટ, ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ ઉપર મર્યાદાને પણ તાત્કાલિક અમલ સાથે દુર કરવાનો રિઝર્વ બેંકનો મહત્વપૂર્ણ નિર્ણય : બચત બેંક ખાતા પર મર્યાદા જારી

નવી દિલ્હી, તા.૩૦

નોટબંધી બાદ ભારે મુશ્કેલીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આખરે મોટી રાહત મળી ગઈ છે. નવેસરના ઘટનાક્રમમાં આજે રિઝર્વ બેંકે જાહેરાત કરી હતી કે પહેલી ફેબ્રુઆરીથી એટીએમમાંથી ઉપાડને લઈને કોઈપણ મર્યાદા રહેશે નહીં. આનો મતલબ એ થયો કે એટીએમમાંથી ઈચ્છા મુજબ નાણાં ઉપાડી શકાશે. આનાથી બેંકોમાં બેન્કીંગ કામકાજ પણ સરળ બને તેવી શક્યતા દેખાઈ રહી છે. જોકે બચત ખાતા ઉપર મર્યાદાને હાલ જાળવી રાખવાની જાહેરાત કરવામાં આવી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે પહેલી ફેબ્રુઆરીથી એટલે કે બુધવારથી એટીએમ માટેની કેશ વિથડ્રોઅલ લિમિટ અથવા તો રોકડ ઉપાડ મર્યાદાને દુર કરવાની જાહેરાત



કરી છે. રિઝર્વ બેંકે કરંટ, ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ ઉપરની લિમિટને પણ તાત્કાલિક ધોરણે દુર કરી દીધી છે. આરબીઆઈએ નિવેદનમાં જણાવ્યું છે કે બચત બેંક ખાતા ઉપર લિમિટ હાલમાં જારી રહેશે. જોકે નજીકના ભવિષ્યમાં વિડ્રોઅલ માટે વિચારણા કરવામાં આવશે.

આરબીઆઈએ નિવેદનમાં જણાવ્યું છે કે બેંકો દ્વારા પોતાની ઓપરેટીંગ લિમિટને લઈને કેટલાક ધારા ધોરણ બનાવી દીધા છે. આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને બંધ કરી દેવાની જાહેરાત કરવામાં આવ્યા બાદથી સામાન્ય લોકો રોકડને લઈને ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા પરંતુ હવે સ્થિતિ સામાન્ય બની ચુકી છે. મોટાભાગના એટીએમ સામાન્ય રીતે કામ કરી રહ્યા છે. એટીએમમાંથી જુદા જુદા દરની નોટ પણ નિકળવાની શરૂઆત થઈ ગઈ

● અનુસંધાન પાન-૭ પર








